eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 344
Dec 20, 2013

## ખેલ મહાકુંભ – ૨૦૧૩
## રાજયકક્ષાની સેમીફાઈનલ વોલીબોલ અને તરણ સ્પર્ધા : –



સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર, સુરતના સંયુકત ઉપક્રમે "ખેલ મહાકુંભ–૨૦૧૩" અંતર્ગત સુરત શહેરમાં તા.૧૬ થી ૨૦ ડિસેમ્બર ૨૦૧૩ દરમ્યાન રાજય કક્ષાની સેમીફાઈનલની વોલીબોલ અને સ્વીમીંગ સ્પર્ધા સુરત ખાતે યોજાનાર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૩–૧૪ :–

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ગુજરાતની ભાવી પેઢીને તંદુરસ્ત બનાવવાનો ગુજરાત સરકારનો ભગીરથ પ્રયાસ છે. બાળકોએ દેશનુ ભવિષ્ય છે, આ બાળકોના સ્વાસ્થ્યની કાળજી લેવા માટે દર વર્ષે યોજાતા આ કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા નવજાત શિશુ થી ૧૮ વર્ષની ઉંમર સુધીના ધોરણ  ૧૨ સુધી શાળા/આંગણવાડીએ જતા વિધાર્થીઓ, અને નવજાત શિશુ થી ૧૪ વર્ષની ઉંમર સુધીના ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "RUN FOR UNITY" કાર્યક્રમ :–




સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા દેશની અખંડિતતા માટે ૫૬૨ રજવાડાઓનું એકત્રીકરણ કરવાનું ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પાડવા સંદર્ભે રાજય સરકારશ્રી દ્વારા વલ્લભભાઈ પટેલના ૧૮૨ મીટર ઊંચાઈ ધરાવતા વિશ્વમાં ઊંચામાં ઊંચા સ્ટેચ્યૂની કેવડીયા ખાતે નર્મદાના સાધુ બેટ ખાતે સ્થાપના સાથે આજ રોજ તા. ૧૫/૧૨/૨૦૧૩ ના રોજ સવારે  ૭:૦૦ કલાકે વી.આઈ.પી. રોડ, કેનાલ જંકશન, કેનાલ વોક શોપર્સ પાસે, એલ.પી.સવાણી એકેડમી પાસેના જંકશન, સુરત ખાતે "RUN FOR UNITY" કાર્યક્રમનું આયોજન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તરતીયા હનુમાનશેરી, જદાખાડીમાં આવેલ વોર્ડ નં.૫, નોંધ નં.૯૭૭,૯૯૬ વાળી મિલ્કતના ગેરકાયદેસર બાંધકામ  બાબત :–

ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ તરતીયા હનુમાનશેરી, જદાખાડીમાં આવેલ વોર્ડ નં.૫, નોંધ નં.૯૭૭,૯૯૬ વાળી મિલ્કતમાં મિલ્કતદાર શ્રી જીનેન પ્રવિણભાઈ શાહ ધ્વારા અત્રેથી મેળવવામાં આવેલ રજાચીઠ્ઠી વિરુધ્ધ વધારાનાં ચોથા માળે આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ સહિતનું ગેરકાયદેસર બાંધકામ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭/૧૨/૨૦૩ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ ઝોનના ડે.ઈજનેરશ્રીઓ અને જુની./આસી.ઈજનેરો/ દબાણ ખાતાના માણસો તથા પોલીસ સ્ટાફ સાથે રાખીને ટી.પી.ના રસ્તાના કબજા માટે કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ વોર્ડ નં. ૧, નોંધ નં.૩૧૬૦, ૩૧૬૧, ૩૧૬૨ પૈકી વાળી મિલ્કત કે જે કાજીનું મેદાન, હકીમ સરફરાઝ મોહલ્લો, ગોપીપુરામાં આવેલ મિલ્કતમાં સે.ઝોન/આ/નં. ૯૭, તા.૦૪/૦૭/૧૨ થી આપવામાં આવેલ વિકાસ પરવાનગી વિરુધ્ધ મિલ્કતદાર શ્રી અનિશ ખાલીદ હુસૈન તથા બીજાઓ ધ્વારા વધારાનાં પાંચમાં માળમાં અત્રેથી અગાઉ તા. ૦૭/૦૮/૧૩ના રોજ સદર મિલ્કતમાં આશરે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ખેલ મહાકુંભ–૨૦૧૩ : રાજયકક્ષા વોલીબોલની ફાઈનલ સ્પર્ધા બાબત :–



સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર, સુરત મહાનગરપાલિકા અને જિલ્લા રમત ગમત વિભાગ, સુરતના સંયુકત ઉપક્રમે "ખેલ મહાકુંભ–૨૦૧૩" અંતર્ગત તા.૧૮/૧૨/૨૦૧૩ના ન.પ્રા.શાળા ક્રમાંક–૮,૯, મજુરાગેટ ખાતે સુરત ખાતે યોજાયેલ રાજય કક્ષા વોલીબોલની ફાઈનલ સ્પર્ધામાં અબવ–૧૬ બહેનોના ગૃપમાં રાજકોટની ટીમ અને સોમનાથ ગીરની ટીમ વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સોમનાથ ગીરની ટીમ વિજેતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ(અઠવા)  ઝોન વિસ્તારમાં થયેલ કામગીરી બાબત :–

અત્રેના ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૬ (અલથાણ)માં ફા.પ્લોટ નં.૧૧૪ અને ૧૧૬માં આવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસોનાં રહીશો દ્વારા નિયમિત માસિક હપ્તાની રકમ સુરત મહાનગરપાલિકામાં જમા ન કરાવતાં અત્રેથી સદરહુ બંને ઈ.ડબલ્યુ.એસ. કવાર્ટસમાં સ્થળ ઉપર માસિક હપ્તા વસુલ લેવાની ઝુંબેશ તા.૧૭/૧૨/૧૩ તેમજ તા.૧૮/૧૨/૧૩ના રોજ આદરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ખેલ મહાકુંભ – ૨૦૧૩

### રાજયકક્ષાની સેમીફાઈનલ વોલીબોલ અને તરણ સ્પર્ધા :–

સ્પોર્ટસ્‌ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર, સુરતના સંયુકત ઉપક્રમે ''ખેલ મહાકુંભ–૨૦૧૩'' અંતર્ગત સુરત શહેરમાં તા.૧૬ થી ૨૦ ડિસેમ્બર ૨૦૧૩ દરમ્યાન રાજય કક્ષાની સેમીફાઈનલની વોલીબોલ અને સ્વીમીંગ સ્પર્ધા સુરત ખાતે યોજાનાર છે. તા.૧૬/૧૨/૨૦૧૩ના રોજ સવારે ૯ઃ૩૦ કલાકે રાજય કક્ષાની સેમી ફાઈનલની વોલીબોલ સ્પર્ધાનો ઉદઘાટન સમારોહ ન.પ્રા.શાળા ક્રમાંક–૮,૯ મજુરાગેટ ખાતે અને તા. ૧૭/૧૨/૨૦૧૩ ના રોજ રાજય કક્ષાની તરણ સ્પર્ધાનો ઉદઘાટન સમારોહ વીર સાવરકર તરણ કુંડ, જોગાણીનગર, અડાજણ ખાતે સાજે ૪.૩૦ કલાકે અને રૂસ્તમપુરા સ્વીંમીંગ પુલ ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા આવનાર ગુજરાત રાજયના ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા શહેરના ખેલપ્રેમી નગરજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સુરત મહાનગરપાલિકા હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

TOP

## શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૩–૧૪ :–

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ગુજરાતની ભાવી પેઢીને તંદુરસ્ત બનાવવાનો ગુજરાત સરકારનો ભગીરથ પ્રયાસ છે. બાળકોએ દેશનુ ભવિષ્ય છે, આ બાળકોના સ્વાસ્થ્યની કાળજી લેવા માટે દર વર્ષે યોજાતા આ કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા નવજાત શિશુ થી ૧૮ વર્ષની ઉંમર સુધીના ધોરણ  ૧૨ સુધી શાળા/આંગણવાડીએ જતા વિધાર્થીઓ, અને નવજાત શિશુ થી ૧૪ વર્ષની ઉંમર સુધીના શાળાએ ન જતા બાળકો તથા પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાના અને જુવેનાઈલ હોમ/રીમાન્ડ હોમના બાળકોની આરોગ્ય તપાસ અને સારવારનું કાર્ય પ્રગતિ હેઠળ છે. વિના મૂલ્યે આરોગ્ય તપાસ અને સારવાર માટેનો શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ તા.૨૨.૧૧.૨૦૧૩ થી તા.૧૬.૦૧.૨૦૧૪ દરમ્યાન અમલમાં છે.

આ કાર્યક્રમ અંતર્ગત જે તે વિસ્તારના હેલ્થ સેન્ટરની આરોગ્ય કાર્યકરની ટીમ શાળા કે આંગણવાડીમા જઈ તમામ બાળકોની આરોગ્ય તપાસ કરે છે અને સામાન્ય લક્ષણો સંબંધી બીમારીમાં સ્થળ ઉપર બાળકોને સારવાર આપવામા આવે છે.  જયારે તપાસવાજોગ ખામીવાળા બાળકોની યાદી અલગ તારવી આવા બાળકોને જરૂરી સારવાર મેડીકલ ઓફીસરશ્રી દ્વારા આપવામાં આવે છે અને જરૂર જણાય તેવા બાળકોને વધુ સારવાર આપવા માટે સંદર્ભ સેવા કેન્દ્ર ખાતે રીફર કરવામાં આવે છે. સંદર્ભ સેવા કેન્દ્ર ખાતે જે તે બીમારીના તજજ્ઞ તબીબો દ્વારા તપાસણી કરી જરૂરી સારવાર આપવામા આવે છે અને જો સુપર સ્પેશ્યાલીટી સારવારની જરૂર હોય તો અમદાવાદ ખાતે બાળકને રીફર કરવામા આવે છે. અમદાવાદ ખાતે નિયત કરવામા આવેલ હોસ્પીટલોમા તપાસણીથી લઈને ઓપરેશન અને ત્યાર બાદની પણ જરૂરી સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. ચાલુ વર્ષથી આ કાર્યક્રમ હેઠળ કલબ ફૂટ, લીવર ટ્રાન્સ્પ્લાન્ટ, કીડની ટ્રાન્સ્પ્લાન્ટ અને કોકલીયર ઈમ્પ્લાન્ટ જેવી અતિ ખર્ચાળ સારવારનો પણ સમાવેશ કરવામા આવેલ છે.

ચાલુ વર્ષે તા.૨૨.૧૧.૨૦૧૩ થી શરૂ કરવામા આવેલ આ કાર્યક્રમ અંતર્ગત કુલ ૯,૬૧,૯૬૫ બાળકો તપાસવાના લક્ષ્યાંક સામે અત્યાર સુધી કુલ ૨,૭૦,૪૨૮ (૨૮.૧૧ %) બાળકોની આરોગ્ય તપાસણીનું કામ પ્રતિદિન ૫૧ પેરા મેડીકલ સ્ટાફની ટીમ અને ૧૬ ઈન્ટર્નીઝ સ્ટાફની ટીમો દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ૨૦૧૩–૧૪ અંતર્ગત તા.૧૧.૧૨.૨૦૧૩ સુધીમાં શોધી  કાઢવામા આવેલા કુલ ૧૦,૪૧૧ ખામીવાળા બાળકો પૈકી ૯,૦૮૬ સામાન્ય તકલીફવાળા બાળકોને સ્થળ ઉપર દવા–સારવાર આપી ઉપચાર કરવામા આવેલ છે. જયારે ૧,૩૨૫ બાળકોને વધુ સારવાર અર્થે નિયત કરવામાં આવેલા સંદર્ભસેવા કેન્દ્ર ખાતે નિષ્ણાંત તબીબની સારવાર અર્થે રીફર કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૩–૧૪ માટે હૃદય–કીડની અને કેન્સર જેવા ગંભીર રોગોની ઓપરેશન સહિતની વિનામૂલ્યે સારવાર માટેના જુના અને નવા દર્દી મળી કુલ ૧૧ બાળકોને અમદાવાદ ખાતે સુપર સ્પેશ્યાલીટી સારવાર માટે રીફર કરવામાં આવ્યા છે. બાળ સ્વાસ્થ્યને લગતા આ મહત્વપૂર્ણ કાર્યક્રમનો લાભ તમામ જરૂરીયાતમંદ બાળકોને મળે અને ગુજરાતના ભવિષ્ય સમા બાળકો સ્વસ્થ અને તંદુરસ્ત બને તે માટે શાળા તપાસણી દરમ્યાન તમામ વાલીઓને આ યોજનાનો લાભ મેળવવા તેઓના બાળકોની તપાસણી કરાવી સાથ સહકાર આપવા હાર્દિક અપીલ કરવામાં આવે છે.

TOP

## ખેલ મહાકુંભ – ૨૦૧૩

## રાજયકક્ષાની સેમીફાઈનલ વોલીબોલ અને તરણ સ્પર્ધા :–





સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર, સુરતના સંયુકત ઉપક્રમે "ખેલ મહાકુંભ–૨૦૧૩" અંતર્ગત સુરત શહેરમાં તા.૧૬ થી ૨૦ ડિસેમ્બર ૨૦૧૩ દરમ્યાન રાજય કક્ષાની સેમીફાઈનલમાં વોલીબોલ અને સ્વીમીંગ સ્પર્ધા સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. તા.૧૬/૧૨/૨૦૧૩ના રોજ સવારે ૯:૩૦ કલાકે રાજય કક્ષાની સેમી ફાઈનલની વોલીબોલ સ્પર્ધાનો ઉદ્દઘાટન સમારોહ ન.પ્રા.શાળા ક્રમાંક–૮,૯, મજુરાગેટ ખાતે સુરત ખાતે યોજયો હતો. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ રાજયના ૩૪ જિલ્લાઓમાંથી આવેલ ૪૧ ટીમોના તમામ રમતવીરોને ઉજવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી વોલીબોલ સ્પર્ધાની શરૂઆત કરાવવામાં આવી હતી. આ શુભારંભમાં ડે.મેયરશ્રી દયાશંકર સિંગ, અઠવા ઝોન કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એમ.પટેલ, સાંસ્કૃતિક વિભાગના મેનેજરશ્રી એસ.આર.ખાન, જિલ્લા રમતગમત અધિકારીશ્રી વિરેન્દ્રભાઈ પટેલ, રમતવીરો, અધિકારી ગણ, મિડિયાના પ્રતિનિધિશ્રીઓ, રમતપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. ખેલ મહાકુંભના આયોજન હેઠળ વધુને વધુ રમતવીરો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવે તે હેતુસર આ રમતો યોજવામાં આવી રહી છે. સુરતમાંથી ચાલુ વર્ષે પણ વિવિધ રમતોમાં ૭૦,૦૦૦થી પણ વધુ સ્પર્ધકો ભાગ લઈ રહયા છે. છેલ્લા ચાર વર્ષથી સમગ્ર રાજયમાં યોજાતા ખેલ મહાકુંભમાં સમગ્ર રાજયમાં સુરત મહાનગરપાલિકા મેડલ ટેલીમાં બે વર્ષ બીજા ક્રમે તથા ગત વર્ષ પ્રથમ ક્રમે રહયું હતું. રાજય કક્ષાની વોલીબોલની ફાયનલ સ્પર્ધા પણ ચાલુ વર્ષે સુરત ખાતે યોજાનાર છે.

હવે તા.૧૭/૧૨/૨૦૧૩ના રોજ રાજય કક્ષાની તરણ સ્પર્ધાની સેમીફાઈનલ વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ ખાતે સાંજે ૪.૩૦ કલાકે અને રૂસ્તમપુરા સ્વીમીંગ પુલ ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા આવનાર ગુજરાત રાજયના ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા શહેરના રમતપ્રેમી નગરજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સુરત મહાનગરપાલિકા હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી બાબત :–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૧૬/૧૨/૨૦૧૩ના રોજ ટી.પી.સ્કીમ નં.૫ (વેસુ–ભરથાણા) ફા.પ્લોટ નં.૪ ના ડેવલપર દ્વારા ડ્રેનેજ કનેકશન માટે વગર પરવાનગીએ રસ્તા ખોદાણ કરી દીધેલ. જે અંગે મિલકતદાર પાસેથી અત્રેથી રસ્તા ખોદાણ ચાર્જ, પેનલ્ટી તથા વહીવટી ચાર્જ મળી કુલ રૂા.૩૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. સદરહુ કામગીરી સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન દ્વારા કરવામાં આવેલ છે.

TOP

## "RUN FOR UNITY" કાર્યક્રમ :–






સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા દેશની અખંડિતતા માટે ૫૬૨ રજવાડાઓનું એકત્રીકરણ કરવાનું ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પાડવા સંદર્ભે રાજ્ય સરકારશ્રી દ્વારા વલ્લભભાઈ પટેલના ૧૮૨ મીટર ઊંચાઈ ધરાવતા વિશ્વમાં ઊંચામાં ઊંચા સ્ટેચ્યૂની કેવડીયા ખાતે નર્મદાના સાધુ બેટ ખાતે સ્થાપના સાથે આજ રોજ તા. ૧૫/૧૨/૨૦૧૩ ના રોજ સવારે ૭:૦૦ કલાકે વી.આઈ.પી. રોડ, કેનાલ જંકશન, કેનાલ વોક શોપર્સ પાસે, એલ.પી.સવાણી એકેડમી પાસેના જંકશન, સુરત ખાતે "RUN FOR UNITY" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ત્રણ લાખથી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરાવી લાખોનો માનવ મહેરામણ વી.આઈ.પીઈ રોડ પર ઉમટી પડયો હતો.

આ પ્રસંગે મા. મંત્રી શ્રી ગણપતભાઈ વસાવાએ સ્વાગત પ્રવચન માં જણાવ્યું હતુ કે અંગ્રેજોની ગુલામી બાદ હિન્દુસ્તાન અનેક ટુકડાઓમાં વહેંચાયેલું હતું એ સમયે આ દેશના નાયબ વડા પ્રધાન અને ગૃહમંત્રી, ગુજરાતના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલને દેશને એક કરવાનું કામ સોંપવામાં આવ્યુ હતું. હિન્દુસ્તાનના ૫૬૨ જેટલા રજવાડાઓનું એકત્રીકરણ કરવાનું કામ કર્યુ હતું. અખંડ ભારતના શીલ્પી મહાન સપૂતને ભૂલી ન શકાય. સાચી શ્રધ્ધાંજલી સમગ્ર દેશની એકતાનું પ્રતિક દેશને એકતામાં જોડવા માટે સરદાર પટેલનું સ્ટેચ્યુ ઓફ યુનિટી ૩૧મી ઓકટો. ૨૦૧૩ના રોજ કેવડીયા ખાતે નર્મદાના સાધુ બેટ ખાતે શિલાન્યાસ કરવામાં આવ્યું હતું. આજે સમગ્ર દેશના ૫૬૨ કરતા વધારે સ્થળોએ દોડ થઈ રહેલ છે.

આ પ્રસંગે મા. મેયરશ્રી નિરંજન ભાઈ ઝાંઝમેરાએ મા. મંત્રીશ્રી અને અન્ય મહાનુભવોને આવકારી જણાવ્યું હતું કે સુરત શહેરના નાગરિકો મોટી સંખ્યામાં ભાગ લેવા બદલ નાગરિકો, વિધાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

મા. મુખ્યમંત્રીશ્રી દ્વારા વડોદરા ખાતે આયોજીત "RUN FOR UNITY" મુખ્ય કાર્યક્રમના શુભારંભ પહેલા ઉસ્થિત જન મેદનીને ઉદબોધનનું લાઈવ પ્રસારણ સુરત શહેરની જનતા જોઈ શકે તે માટે એલ.ઈ.ડી. સ્ક્રિન મારફત દોડના સ્થળે પ્રસારણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે "RUN FOR UNITY" માં ઉપસ્થિત અંદાજિત ૩ લાખથી વધુ જન મેદનીને મા. મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા, મા. મેયર શ્રી નિરંજન ભાઈ ઝાંઝમેરા, સાંસદશ્રી સી.આર.પાટીલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા. ધારાસભ્યશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુ. કમિશનર શ્રી એમ. કે. દાસ, કલેકટરશ્રી,પોલિસ કમિશનરશ્રી,જીલ્લાવિકાસ અધિકારીશ્રી, તથા અન્ય પદાધિકારીઓએ ફલેગ બતાવી સ્ટાર્ટ આપ્યો હતો. શહેરના ખૂણે ખૂણેથી આબાલ, વૃધ્ધ, યુવાનો, મહિલાઓ, બાળકો તથા વિધાર્થીઓ "RUN FOR UNITY" માટે હજારથી વધુ ખાનગી વાહનો / બસોમાં વહેલી સવારથી જ ઉમટી પડયા હતા.

"RUN FOR UNITY" નો કાર્યક્રમ સફળતા પૂર્વક પાર પડે તે માટે રોડ માર્કીગ, બેરીકેટીંગ, સાફસફાઈ, મેદાન લેવલીંગ લાખોની સંખ્યામાં દોડનાર નગરજનો માટે મેડીકલના સાધનો સ્ટાફ સહિતની વ્યવસ્થા, સ્ટાર્ટીંગ પોઈન્ટ સુધી લોકો પહોંચી શકે તે માટે વાહનો તથા વાહન પાર્કિંગ વ્યવસ્થા, લાઈવ પ્રસારણ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચરની વ્યવસ્થા મા. મ્યૂ. કમિશનરશ્રી ની સીધી દેખરેખ હેઠળ મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીશ્રી ઓએ તથા અન્ય સરકારી કચેરીઓના પરસ્પર સંકલનમાં રહી નિર્વિઘ્ને પાર પાડી હતી.

આ પ્રસંગે વન અને પર્યાવરણ, આદિ જાતિ વિકાસ, મહિલા અને બાળ કલ્યાણ, વૈધાનિક અને સંસદીય બાબતોના મા. મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા, મા. મેયરશ્રી નિરંજન ભાઈ ઝાંઝમેરા, ડે. મેયરશ્રી દયાશંકરસિંહ, સ્થાયી સમિતી અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શાસક પક્ષ નેતાશ્રી આર.કે.લાઠિયા, વિવિધ સમિતીના ચેરમેનશ્રીઓ, મ્યુ. સભ્યોશ્રીઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહભાગી એવા સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, નગરજનો, શિક્ષકો, સ્થાનિક અને નેશનલ પ્રીન્ટ/ ઈલેક્ટ્રોનિક મીડીયાના પ્રતિનિધીઓ, સ્વયંસેવકો, સુરત મહાનગરપાલિકા, કલેકટર કચેરી, પોલિસ કમિશનર કચેરીના અધિકારી કર્મચારીઓના યશસ્વી યોગદાન બદલ માનનીય સાંસદશ્રી સી.આર.પાટીલએ આભાર માની મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના ''શ્રેષ્ઠ ભારત'', ''એક ભારત'' ના સૂચિતાર્થેને સાર્થક બનાવવા બદલ આભાર માન્યો હતો.

TOP

## તરતીયા હનુમાનશેરી, જદાખાડીમાં આવેલ વોર્ડ નં.૫, નોંધ નં.૯૭૭,૯૯૬ વાળી મિલ્કતના ગેરકાયદેસર બાંધકામ બાબત :–

ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ તરતીયા હનુમાનશેરી, જદાખાડીમાં આવેલ વોર્ડ નં.૫, નોંધ નં.૯૭૭,૯૯૬ વાળી મિલ્કતમાં મિલ્કતદાર શ્રી જીનેન પ્રવિણભાઈ શાહ ધ્વારા અત્રેથી મેળવવામાં આવેલ રજાચીઠ્ઠી વિરુધ્ધ વધારાનાં ચોથા માળે આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ સહિતનું ગેરકાયદેસર બાંધકામ તા.૧૬/૧૨/૧૩ના રોજ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭/૧૨/૨૦૩ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ ઝોનના ડે.ઈજનેરશ્રીઓ અને જુની./આસી.ઈજનેરો/ દબાણ ખાતાના માણસો તથા પોલીસ સ્ટાફ સાથે રાખીને ટી.પી.ના રસ્તાના કબજા માટે કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) પ્રિલીમનરી તરીકે મંજુર થયેલ હોય, અમલીકરણના ભાગ રૂપે ટી.પી. રસ્તાના કબજા મેળવવા માટે ફા.પ્લોટ નં.૪૮,૪૯,૪૦,૩૭,૩૬,૩૪,૫૩,૫૪ તથા ૧૩૩ વચ્ચેથી પસાર થતો ૧૮.૦૦ મી.ના અંદાજે ૫૬૨ મી.ની લંબાઈમાં ૧૦૧૧૦ ચો.મી. રસ્તાની જગ્યાનો કબજો મેળવી સ્થળ પર જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. સદર રસ્તો ૩૬.૦૦ મી.ના રસ્તા પર આવેલ નવી પાણીની ટાંકીથી ઉત્રાણ હેલ્થ સેન્ટર સુધીનો રસ્તો છે. સદર રસ્તો ખુલ્લો થવાથી સ્ટ્રોમ ડ્રેનેજ તથા ડ્રેનેજ લાઈન નાંખી શકાશે. જેનાથી ઉત્રાણ વિસ્તારને વરસાદી પાણીના નિકાલની તથા ડ્રેનેજ સુવિધા પુરી પાડી શકાશે.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ વોર્ડ નં. ૧, નોંધ નં.૩૧૬૦, ૩૧૬૧, ૩૧૬૨ પૈકી વાળી મિલ્કત કે જે કાજીનું મેદાન, હકીમ સરફરાઝ મોહલ્લો, ગોપીપુરામાં આવેલ મિલ્કતમાં સે.ઝોન/આ/નં. ૯૭, તા.૦૪/૦૭/૧૨ થી આપવામાં આવેલ વિકાસ પરવાનગી વિરુધ્ધ મિલ્કતદાર શ્રી અનિશ ખાલીદ હુસૈન તથા બીજાઓ ધ્વારા વધારાનાં પાંચમાં માળમાં અત્રેથી અગાઉ તા. ૦૭/૦૮/૧૩ના રોજ સદર મિલ્કતમાં આશરે ૧૭૫૦ ચો.ફુટ બાંધકામ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ. મિલ્કતદાર ધ્વારા સદર મિલ્કતમાં મંજુર પ્લાન વિરુધ્ધનાં વધારાનાં બાંધકામને દુર કરવા તા.૦૭/૦૮/૧૩ના રોજ બાંહેધરી આપવામાં આવેલ. મિલ્કતદાર ધ્વારા આપવામાં આવેલ બાંહેધરીનો અમલ કરવામાં ન આવતાં અત્રેથી આજ રોજ તા.૧૬/૧૨/૧૩ થી વધારાનાં પાંચમાં માળનું આશરે ૧૫૦૦ ચો.ફુટ સ્લેબ, બીમ, કોલમ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

વધુમાં આજ રોજ ચૌટા બજાર વિસ્તારમાં દબાણકર્તાઓને હટાવવા માટે સેન્ટ્રલ ઝોનનાં દબાણ સ્ટાફ તરફથી અભિયાન હાથ ધરવામાં આવેલ હતુ. દુકાનદારો તેમજ લારી–ગલ્લા પાઠરણાવાળાઓ તરફથી બાંધવામાં આવેલ તાડપત્રીઓ દુર કરવામાં આવેલ હતી તેમજ દુકાનને લાગુ દુકાનદારોએ કેટલોક ભાગ બહાર કાઢેલ હતો તે તેમજ ડીસ્પ્લે માટે લટકાવેલ સામાન દુર કરવામાં આવેલ હતો. વધુમાં આજ રોજ તમામ દબાણકર્તાઓને સ્પષ્ટ સૂચના તાકીદ કરી હવે પછી જો આ પ્રકારે દબાણ થશે તો સુરત મહાનગરપાલિકા તરફથી કડક વલણ અપનાવી માલ–સામાન જપ્ત કરી ફોજદારી રાહે પગલાં લેવા સુધી ચીમકી આપવામાં આવેલ હતી.

TOP

## તમામ ઝોનની સફાઈ ઝુંબેશ

તા. ૧૮–૧૨–૨૦૧૩ બુધવાર

| અનં | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૩૬ |
| ૧ | ડે. ઈજનેર | ૩ |
| ૨ | મુખ્યઆરોગ્ય નિરીક્ષક | ૧૭ |
| ૩ | જુ. –આસી. ઈજનેર / સુપરવાઈઝર | ૬ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર | ૫ |
| ૫ | ટેકનીકલ આસી. | ૯ |
| ૬ | વાયરમેન | ૬ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ.આ. નિરીક્ષક | ૫૪ |
| ૮ | ડ્રેનેજ ઈન્સ્પેકટર | ૦ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૪૩ |
| ૧૦ | કડીયા | ૧ |
| ૧૧ | સફાઈ કામદારો / બેલદારો | |
| ૧૧ અ | આરોગ્યવિભાગ | ૫૦૩ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૦ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૮૧ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૩૯.૪૫ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૦ |
| ૧૩ બ | લારી | ૧૫ |
| ૧૩ ક | ગલ્લા | ૦ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૫૭ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૧૪૧ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી ચેક કરેલ સંસ્થા : | ૭૦ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૨૭૩૦૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૧૦૦ |
| ૧૭ | વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા કુલ (રનીંગ મીટર) | ૨૧૬૫ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૨૮ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કર્યા | ૩ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૩૮ |
| વી.બી.ડી.સી. વિભાગની કામગીરી | | ૦ |
| ૨૦ | કુલ ઘર સર્વે | ૬૩૨૧ |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૧૫૬૬૨ |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | ૫૨ |

| | | |
|---|---|---|
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યા | ૪૭ |
| ૨૪ અ | એનો. | ૧૬ |
| ૨૪ બ | એડીસ | ૩૬ |
| ૨૪ ક | કયુલેકસ | ૭ |
| ૨૪ ડ | મિશ્ર | ૦ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીધી | ૨૮૮ |
| ૨૬ | એફ.આર.ટી. આપી | ૨૮ |
| ૨૭ | ફોગીંગ આયોજન | ૦ |
| ૨૮ | કુલ નોટીસ / ચેતવણી | ૧૭૩ |
| ૨૯ | વહીવટી ખર્ચ વસુલાત | ૫૫૭૦૦ |
| ૩૦ | ઈસમોની સંખ્યા | ૩૨૪ |
| ૩૧ | પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી.ગ્રા. | ૭.૮ |
| ૩૨ | અખાધ પ્રદાથોનો નાશ કી.ગ્રા. | ૪૦.૧ |
| ૩૩ | આંગણવાડીઓ ચેક કરી | ૩ |
| ૩૪ | શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા | ૧ |
| ૩૫ | કામગીરીમાં જોડાયેલ આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત | ૦ |

TOP

## સફાઈ ઝુંબેશનો વિસ્તારઃ–

| | | |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | ઝાપાબજાર સળીયાવાળી માર્કેટથી મોતી ટોકીઝ ઝાંપાબજાર મટન માર્કેટ સુધી, આરામ હોસ્પિટલથી પોલીસ ચોકી થઈ પીપરડી શેરી વોર્ડ ઓફીસ થઈ રતન સિનેમા સુધી. |
| વરાછા ઝોન | : | મફતનગર દીવાલથી દિવ્યવસુંધરા સુધી, ખડી મોહલ્લો અંબિકાનગર (લંબે હનુમાન વોર્ડ વિસ્તાર), શિલ્પાપાર્ક, રાધેકૃષ્ણ મંદિર રોડ, કાલિદાસનગર, લક્ષ્મીનગર રોડ. |
| રાંદેર ઝોન | : | પીકનીક રોડથી અડાજણ સર્કલ, અજરામલથી આરધના સોસાયટી, પન્નાટાવરથી સાગર કોમ્પ્લેક્ષ, યોગી કોમ્પ્લેક્ષથી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષથી નાગરદાસ હોલ. |
| કતારગામ ઝોન | : | લક્ષ્મીકાંત વડલાથી પાળા સુધીનો મેઈન રોડ અને અંબાતલાવડી કન્ટેનરથી પાળા સુધીનો મેઈન રોડ, કરાડા ગામનો સમગ્ર વિસ્તાર. |
| ઉધના ઝોન | : | મહાવીરનગર, ભગવતીનગર, ક્રિષ્નાનગર, વડોદ/બુડીયા વોર્ડ, જગદંબાનગર મેઈન રોડથી રાજુલનગર સુધી. |
| અઠવા ઝોન | : | સિટીલાઈટ રોડ |
| લીંબાયત ઝોન | : | ગોડાદરા વોર્ડ વિસ્તાર. |

TOP

## ખેલ મહાકુંભ–૨૦૧૩
## રાજયકક્ષા વોલીબોલની ફાઈનલ સ્પર્ધા બાબત :–





સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર, સુરત મહાનગરપાલિકા અને જિલ્લા રમત ગમત વિભાગ, સુરતના સંયુકત ઉપક્રમે ''ખેલ મહાકુંભ–૨૦૧૩'' અંતર્ગત તા.૧૮/૧૨/૨૦૧૩ના ન.પ્રા.શાળા ક્રમાંક–૮,૯, મજુરાગેટ ખાતે સુરત ખાતે યોજાયેલ રાજય કક્ષા વોલીબોલની ફાઈનલ સ્પર્ધામાં અબવ–૧૬ બહેનોના ગૃપમાં રાજકોટની ટીમ અને સોમનાથ ગીરની ટીમ વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સોમનાથ ગીરની ટીમ વિજેતા બની ગુજરાતમાં પ્રથમ સ્થાને આવી હતી. ત્યારબાદ ભાઈઓના ગૃપમાં સુરત અને ગાંધીનગરની ટીમ વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગાંધીનગરની ટીમ વિજેતા નીવડી હતી. આ ફાઈનલ સ્પર્ધાનો શુભારંભ કરાવવા અને ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા અને સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેષભાઈ દેસાઈ ઉપસ્થિત રહયા હતા અને તેઓએ ગીર સોમનાથની વિજેતા મહિલા ટીમને ટ્રોફી આપી સન્માનિત કર્યા હતા. આમ આ વર્ષે સુરત શહેરને વોલીબોલની ફાઈનલ સ્પર્ધાનો યજમાન બનવાનો મોકો મળ્યો હતો.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૮/૧૨/૨૦૧૩ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ ઝોનના ડે.ઈજનેરશ્રીઓ અને જુની./આસી.ઈજનેરો/દબાણ ખાતાના માણસો તથા સીકયુરીટી સ્ટાફને સાથે રાખીને ટી.પી.ના રસ્તાના કબજા માટે કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૨૫(સીંગણપોર–ટુંકી) પ્રિલીમનરી તરીકે મંજુર થયેલ હોય, અમલીકરણના ભાગ રૂપે ટી.પી. રસ્તાના કબજા મેળવવા માટે ફા.પ્લોટ નં.૧૧૪, ૧૧૫ અને ૧૧૬ને લાગુ પસાર થતો ૧૮.૦૦ મી. ટી.પી.રોડના અંદાજે ૧૮૦મી. ની લંબાઈમાં ૩૨૪૦ ચો.મી. તથા લાગુ ટી.પી.સ્કીમ નં.૨૬ (સીંગણપોર) ફા.પ્લોટ નં.૧૧૧ અને ૧૨૪ વચ્ચેથી પસાર થતો ૧૨.૦૦ મી. ટી.પી.રસ્તાના અંદાજે ૧૨૦.૦૦ મી.ની લંબાઈમાં ૧૪૪૦ ચો.મી. મળી કુલ ૪૬૮૦ ચો.મી. જગ્યાનો કબજો મેળવી સ્થળ પર જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં થયેલ કામગીરી બાબત :–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં થયેલ કામગીરી નીચે મુજબ છે.

(૧) અત્રેના ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૬ (અલથાણ)માં ફા.પ્લોટ નં.૧૧૪ અને ૧૧૬માં આવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસોનાં રહીશો દ્વારા નિયમિત માસિક હપ્તાની રકમ સુરત મહાનગરપાલિકામાં જમા ન કરાવતાં અત્રેથી સદરહુ બંને ઈ.ડબલ્યુ.એસ. કવાર્ટસમાં સ્થળ ઉપર માસિક હપ્તા વસુલ લેવાની ઝુંબેશ તા.૧૭/૧૨/૧૩ તેમજ તા.૧૮/૧૨/૧૩ના રોજ આદરવામાં આવેલ. જે અન્વયે સ્થળ પર માસિક હપ્તા ન ચુકવતા આશરે ૨૫ આવાસોને સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ. જેથી તે પૈકી ૨૩ આવાસોનાં કબજેદારો દ્વારા ભરવા જોગ રકમ સ્થળ પર જ જમા કરાવતાં તેઓના આવાસોના સીલ ખોલી આપવામાં આવેલ. આ ઝુંબેશ દરમ્યાન સ્થળ પર કુલ રૂા.૧૦,૧૬,૮૩૯/– વસુલ લેવામાં આવેલ છે. વધુમાં આગામી દિવસોમાં અત્રેના ઝોન વિસ્તારમાં આવેલ તમામ ઈ.ડબલ્યુ.એસ. આવાસોમાં આ પ્રકારની ઝુંબેશ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) અત્રેના ઝોન વિસ્તારમાં અલથાણ રોડ પર આવેલ ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)નાં ફા.પ્લોટ નં.૧૨૦માં આવેલ કેટલીક મિલકતો ટી.પી.સ્કીમનાં ૨૪.૦૦ મી. નાં ટી.પી.રસ્તાની અસરમાં આવતી હોય, અત્રેથી સદરહુ ટી.પી.રસ્તાની અસરમાં આવતો ભાગ દુર કરવાની કાયદેસરની કાર્યવાહી શરૂ કરતાં મિલકતદારોએ જાતે સ્વૈચ્છિક ડીમોલીશન શરૂ કરેલ છે. સદરહુ ડીમોલીશન થવાથી આશરે ૩૫૦.૦૦ રનીંગ ફુટની લંબાઈમાં કુલ ૪૩૦૦.૦૦ ચો.ફુટ રસ્તા પૈકીની જમીનનો કબજો સુરત મહાનગરપાલિકાને મળશે અને જાહેર જનતા માટે રસ્તો ખુલ્લો મુકી શકાશે.

સદરહુ કામગીરી અત્રેના શહેર વિકાસ ખાતા ધ્વારા ડેપ્યુટી કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવેલ છે.

TOP